# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૬/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની મહેનત ફળી, આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત સુરતને સૌથી વધુ લાભ

**સુરત** : આજરોજ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યમાં આવેલ ૧૩૦૦૦થી વધુ MSME ઔદ્યોગિક એકમોને રૂપિયા ૧૩૭૦ કરોડની સહાય ઓનલાઈન એટ વન કલીકથી આપવામાં આવેલ છે. જેમાંથી લગભગ અડધા જેટલા એકમો સુરતમાં આવેલ હોઈ ઉપરોક્ત રાહતનો સૌથી વધુ લાભ સુરતના એકમોને મળેલ છે. જેમાં કુલ ૬૬૧૫ MSME યુનિટ્સને રૂપિયા ૨૯૪ કરોડ, ઇન્ટરેસ્ટ એન્ડ કેપીટલ સબસિડી અંતર્ગત ફાળવવામાં આવેલ છે. જેમાંથી સુરતના ૮૦ ટકા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને લાભ થશે. સરકાર દ્વારા વન કલીકનો કાર્યક્રમ ઓનલાઈન યોજવામાં આવેલ હતો. જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ ઓનલાઈન હાજરી આપી હતી.

શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન દરમિયાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવેલ વિવિધ રજૂઆતોનો સ્વીકાર કરી સુરતના MSME ઉદ્યોગોને રાજયમાં સૌથી વધુ રાહત આપેલ હોઈ ચેમ્બર માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, ઉપમુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ઉદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ, ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નર શ્રી રાહુલ ગુપ્તા અને MSME કમિશ્નર શ્રી રણજીથકુમાર તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના જનરલ મેનેજર શ્રી લાદાની તથા તેમની સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર માને છે.

# SGCCI's Hardwork paid off, Maximum benefit to Surat Industries under Atmanirbhar Gujarat

Honorable Chief Minister of Gujarat Shri Vijaybhai Rupani has today through a single click provided release of nearly Rs. 1379 crore worth of Subsidies through DBT mechanism to nearly 13000 Industrial units of Gujarat. Out of this total nearly Rs. 294 crore was allocated towards interest and capital subsidy of nearly 6615 MSME units located in Surat. From this 80 % of the Textile industrialist will be benefited. Government has organized this program online in which the President of SGCCI Shri Ketan Desai, Vice President Shri Dinesh Navadiya and Immediate Past President Shri Hetal Mehta were also present through vide conference.

Shri Ketan Desai has said that due to our repeated representation during the lockdown covering entire spectrum of Industries in Gujarat, the Government by honouring our requests has made the above declarations, for giving Surat the maximum portion of this financial assistance Chamber is expressing its heartfelt thanks to Hon. Chief Minister, Hon. Dy. Chief Minister Shri Nitinbhai Patel, Principal Secretary- Industries & Mines Shri M. K. Das, Industries Commissioner Dr. Rahul Gupta, MSME Commissioner Shri Ranjeeth Kumar and Shri Ladani, GM of DIC and his team.